અલખ અગોચર નમિજિનેશ્વર ચંદ્રવદનસુખકારી
પ્રશમ ભાવ શા શોભે ન્યારા નાખું સૌ ઓવારી.
શિવ સુખ. ૨
નયન યુગલ અમૃતભર નિરખી ભવનો રોગ નિવારૂં
અવલંબન ચરણોનું પામી જન્મ મરણ દુઃખ હારૂં
શિવ સુખ. ૩
જિનવર મારા સાચા સાથી સ્મરણે નિશ દિન રાચું
જિનવર તારક જિનવર સ્હાયક જિનવર વિણ
સૌ કાચું .... શિવ સુખ. ૪
અજિતપદના દાતા સુખકર નમિનાથ પદ પામું
નિશદિન સ્મૃતિ વાચક <u>હેમેન્દ્રે</u> જાગો ભવદુઃખ
શામું....શિવ સુખ. ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નેમિનાથ–સ્તવન.

( રાગઃ—રૂમઝુમ બરસે બાદલવા )

શ્યામ મેઘસમ નાવલિયા પ્યાસી મયૂરી સમ હું
નેમિનાથ આવો આવો નેમિનાથ આવો....ટેક.

હરણાંને ઉગાર્યાં ધારી ત્યાં દયા ત્યાં દયા,
કરુણાધારી સાચા સ્વામી ત્યાં થયા ત્યાં થયા.
કરુણા કેરા સાગર હો ! રાજુલ ત્યાગો શાને?
નેમિનાથ આવો આવો નેમિનાથ આવો.

શ્યામ....૧

શ્યામ વર્ણના બોલી સખીઓ સૌ હસે સૌ હસે
આપતણા ગુણસાગરમાં મન ઉલ્લસે ઉલ્લસે.
પાછો રથને વાળો હો કર મારો ઝાલો સ્વામી,
નેમિનાથ આવો આવો નેમિનાથ આવો.

શ્યામ....૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજુલ નેમિ કેરા ચરણે ઉદ્ધરી, ઉદ્ધરી,
દીક્ષાધારી અજિત પદમાં એ ઠરી એ ઠરી,
હેમેન્દ્રે એ ભાવો રે, હેતે ઉદ્ધારો સ્વામી.
નેમિનાથ આવો આવો નેમિનાથ આવો.
શ્યામ....૩

---

## આરાસણાકર નેમિનાથ-સ્તવન.

(રાગ:—પપીહારે, પપીહારે, પપીહારે.)

સુભાગીરે, સુભાગીરે, સુભાગીરે.... ....ટેક૦
શુભ આરાસણ પ્રભુ ધામ
નેમિ પ્રભુનાં દર્શન પામું
માનું શુભ વિશ્રામ....સુભાગીરે. ૧
જે દર્શન દેવેન્દ્રને દુર્લભ
તે પામ્યો સુખકાર,
ઉધ્ધરી જેને ભજતાં રાજુલ,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે મમ જીવનાધાર હાં
નેમિ પ્રભુજી નજરે જોઉં
મુખ નેમિનું નામ....સુભાગીરે. ૨
યાદવકુળતિલક જિનવરજી
દયા તણા ભંડાર,
તેનું સૌમ્ય વદન નિરખંતાં
સફલ થાયે અવતાર હાં
દિવ્ય પ્રભા મુખપર મનમોહક
પ્રભુ ઉરના આરામ....સુભાગી ૩.
વિશ્વપ્રેમના મંત્રના દાતા
સમતાધારી અલખ અગોચર
શાંતિ દાતા અંતરયામી નેમિનાથ પ્રભુજી
ત્રિભુવનતારક હે અવિનાશી ઉદ્ધારો જિનદેવજી
એકજ પ્રભુ આધાર અમારા
આપો હૈયે હામ....સુભાગીરે. ૪
ધામ ધરાને સગાં સહોદર

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra    Acharya Shri Kailassagarsuri Gyanmandir



માયા મમતા સૌ ક્ષણભંગુર,
વીતરાગ હે અલખ નિરંજન તુજ ચરણે વસાવો
નામ રટણ દિનરાત કરૂં હું માનવ ભવનો લ્હાવો
વિમલ ભાવી વાચક હેમેન્દ્રે
આપો અજિત ધામ....સુભાગીરે. ૫

---

## નેમિનાથ-સ્તવન.

( રાગઃ—હોરી )

નમિ પ્રભુ સુખકારી જિનવર! મંગલકારી. ટેક.
શિવાનંદન! ભવભીડભંજન! સૌરીપુરીમાં જન્મ્યા,
ઇન્દ્રાણી હુલરાવે કરમાં સુરનર ઇન્દ્રો પ્રણમ્યા,
ગાયે ગીત ગુણધારી....નેમિ. ૧
સારંગ સજ્જ કર્યું શિશુ ભાવે સુદર્શનને ભમાવ્યું
પાંચજન્યને રમતે ફુંકી જગને મુગ્ધ બનાવ્યું.
ચક્રિ થયા શ્રી મુરારી....નેમિ. ૨

www.kobatirth.org    For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વારામતી ગોપાંગના સંગે હોરી રમ્યા શુચિ ભાવે
નિર્મોહી અવિકારી ભાવો અંતર શત્રુ હઠાવે.
દિશ દિશ કીર્તિ પ્રસારી....નેમિ. ૩
દેહ દ્વારિકાં ચેતન રંગે હોરી જ્ઞાનની રમીયા,
સોહંનાદનું સંગીત ગુંજે સુરનર તાપો શમીયા.
જ્ઞાનની ભરી પીચકારી....નેમિ. ૪
આઠ જન્મની પ્રીતિ ત્યાગી ગિરનારે સંચરીયા
ભોગ કર્મ સૌ ક્ષીણ થયાં જ્યાં પરમાનંદને વરીયા
પરમ પુનિત અવિકારી....નેમિ.
રાજુલને ચારિત્ર સમર્પી સાચો રાહ બતાવ્યો,
વીતરાગ પ્રભુ ભવ ઉદ્ધારક ! મોહ અરિને નિવાર્યો,
ભવથી રાજુલ તારી....નેમિ. ૬
વિમલ હૃદય વાચક હેમેન્દ્રે અજિત લગન શી જાગે !
નિર્મલ બુદ્ધિ દાતા જિનવર ભાવે નમું અનુરાગે
લેજો પ્રભુજી ઉગારી....નેમિ. ૭

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નેમિનાથ સ્તવન.

( ઓ રૂઠે હુએ ભગવાન... )

ઓ નેમિજિન વીતરાગ! તારી ન્યારી પ્રતિમા,
તારી ન્યારી પ્રતિમા....૧

તુજ દિવ્ય દર્શન પામી નહિ હર્ષની સીમા,
તારી ન્યારી પ્રતિમા....૨

આવ્યા પરણવા પ્રેમથી યાદવ કુલે ભાનુ
પ્રાણી તણા દુઃખનાદથી દુઃખ અંતરે જાગ્યું,
ત્યાગી સુશીલા રાજુલા ભવ આઠ પ્રીતિમાં,
તારી ન્યારી પ્રતિમા....૩

દીક્ષા ગ્રહી કેવળ વર્યા ભવિ તારીયા સ્વામી
રોતી રહી રાજુલ પૂજે ચારિત્ર નીતિમાં
તારી ન્યારી પ્રતિમા....૪

ગિરનારમાં નિર્વાણના પંથે ગયા પ્રભુ
રાજુલ તરી ચરણો ભજી અરિહંતજી વિભુ

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામી અજિત સ્થાનને રાજીમતી સતી
હેમેન્દ્રને તારો વસાવો દિવ્ય ગતિમાં,
તારી ન્યારી પ્રતિમા....૫

## નેમિનાથ સ્તવન.

(કીસીકે મધુર પ્યાર મેં મન મેરા ખો ગયા).

મધુરી છબી શ્યામઘન શ્રી નેમિનાથજી,
શ્રી નેમિનાથજી ! શ્રી નેમિનાથજી.
નિભાવી પ્રીતિ આઠ ભવની પ્રેમ ભાવથી,
રાજીમતીના પ્રેમને સ્વીકારો નાથજી
સ્વીકારો નાથજી....મધુરી.
પ્રાણીતણા પોકારથી કરુણા શી મન વસી!
રાજુલનું તલસે હૃદય નિહાળો રે હસી,
ચકોરી ચંદ્રઘેલી સ્વામી રાજુલા થતી,
રાજીમતીના પ્રેમને સ્વીકારો નાથજી,
સ્વીકારો નાથજી....મધુરી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવેન્દ્રને દુર્લભ બને ચરણો પ્રભુ તણાં
તારી સુશીલા રાજુલા એ ભાગ્ય પૂર્વનાં
તારો પ્રભુ તે પ્રેમથી સ્થાપો અજિતપદે
પૂરી કરો એ વાંચ્છના ઉર ભાવ એ વદે
સ્વામીજી મયૂર મેઘ શી મુજ આત્મની ગતિ
હેમેન્દ્રના શુભ પ્રેમને સ્વીકારો નાથજી,
સ્વીકારો નાથજી....મધુરી.

---

## શ્રી પાર્શ્વનાથ–સ્તવન.

(માડીના જાયાની મીઠલડી માયા)

વામાના નંદન ભવભીડભંજન,
પાર્શ્વનાથ સ્વામીને વંદના....૧

જિનવર! કથીર સમી મારી જીવનગતિ,
આપો સુવર્ણ સમી જીવનમાં સન્મતિ,
પાર્શ્વમણિ જેવા ગુણધામ ....પાર્શ્વનાથ....૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવભયને તાપહારી મૂર્તિમાં મન ઠરે,
મુખનો શુભ શાંત ભાવ સઘળાં દુઃખો હરે,
રસના રટે પાર્શ્વનામ .... પાર્શ્વનાથ....૩

અમૃતનું સિંચન સૌ રોમ રોમ થાયે,
સુરેન્દ્ર પ્રેમ ભર્યાં સ્તવનોને ગાયે,
કરતી દેવાંગના પ્રણામ .... પાર્શ્વનાથ....૪
આત્મા અજિત–બંસી–ધૂનને મચાવે,
ભવિજન સૌ ભક્તિ ગાન હોંસે ગજાવે,
હેમેન્દ્ર ઉરના આરામ! .... પાર્શ્વનાથ....૫

---

## મોરબી મંડન
## ચિન્તામણી પાર્શ્વનાથ–સ્તવન.

(પારેવડા જાજે વીરાના દેશમાં)

ઉમંગમાં ગાઓ પ્રભુના ગાનને
ચિન્તામણિ પાર્શ્વનાથને....ટેક.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશ્વસેન કુલના દીપક પ્રભુ,
વામાનંદન ભગવાનને....ઉમંગમાં....૧
શરદચંદ્ર સમી મુખડાની શોભા,
પાયે બોધામૃત પાનને....ઉમંગમાં....૨
અનંતજ્યોત જેવી મૂર્તિ તેજસ્વી,
આપે અનંત ગુણજ્ઞાનને...ઉમંગમાં....૩
આદિ અનંત પ્રભુ ત્રિભુવનતિલક,
દર્શાવે સત્ય આત્મભાનને...ઉમંગમાં....૪
વાંચ્છિત પૂરે ચિંતામણિ સમ,
દેતા જે દિવ્ય ભક્તિદાનને..ઉમંગમાં....૫
કમળ સૂર્ય સમી પ્રીતિ પ્રભુમાં,
નિશદિન ચાહુ પ્રભુધ્યાનને..ઉમંગમાં....૬
ધરણેન્દ્ર પદ્માવતીજી દીપાવે,
શાસન રક્ષા ને સન્માનને...ઉમંગમાં....૭
મયુરપુરના વાસી જિનેશ્વર,
સાચવજો ભવના સુકાનને...ઉમંગમાં....૮

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજિત ચરણોને પ્રેમેથી સેવે,
હેમેન્દ્ર કૃપાનિધાનને....ઉમંગમાં....૯

## ચિન્તામણિ પાર્શ્વનાથ-સ્તવન.

( તું કૌનસી બદલીમે મેરે ચાંદ )

ચિંતામણિ સમા પ્રભુજી, પાર્શ્વ સ્વામીજી
મંગલસ્મરણ, દુઃખહરણ પાર્શ્વ સ્વામીજી
ચિંતામણિ....૧

મૂર્તિ નિહાળી સૌમ્ય નાથ ! કલ્પવૃક્ષ શી,
પદ્માવતીજી દિવ્ય વળી પાર્શ્વ યક્ષજી,
શાસનરક્ષક ચરણ સેવે પાર્શ્વ સ્વામીજી.
ચિંતામણિ....૨

અમૃત તણાં ઝરણાં પ્રભુ નેત્રમાં ઝરે,
જે એ સુધા હૈયે ધરે તે દુઃખથી તરે.
ઉત્તમ એક જ શરણ તારૂં પાર્શ્વ સ્વામીજી.
ચિંતામણિ....૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણગાનથી મનડું રીઝે ને હર્ષમાં ઝુલે,
હેમેન્દ્ર અજિત-ધૂન કરે, હૃદય-દગ ખુલે,
કથીર કેરૂં કુંદન કરો પાર્શ્વ સ્વામીજી.
ચિંતામણી....૪

---

## સ્તંભન પાર્શ્વનાથ-સ્તવન.

(પ્રેમીને પ્રેમી કોઇ પુછે...)

સ્તંભન પ્રભુજી સુખકારી, શ્રીપાર્શ્વનાથ સ્વામી
સ્વામી....
ભવદુઃખ નાખે નિવારી, શ્રી પાર્શ્વનાથ સ્વામી
સ્વામી....એ ટેક.
મેઘે ચાતક તણી જેવી પ્રતીક્ષા,
એવી પ્રભુ તણી ધારૂં આકાંક્ષા,
આકાંક્ષા પૂરી કરાવે શ્રી પાર્શ્વનાથ સ્વામી.
સ્વામી....સ્તંભન ૨
આત્માની બંસી અજિત-ગીત ગાયે,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુની પ્રીતિનું પ્રેમામૃત પાયે,
હેમેન્દ્ર હર્ષે ઝુલાવે, શ્રી પાર્શ્વનાથ સ્વામી.
સ્વામી સ્તંભન....૩

## ગોડી પાર્શ્વનાથ–સ્તવન.

( રાગઃ—ભૂપાળી. )

ગોડી પાર્શ્વ આધાર જીવનને,
ગોડી પાર્શ્વ આધાર....ટેક.
અહિલાંછન શોભે મનમોહક
શિવપદના દાતાર....જીવનને.... ૧
અશ્વસેનજી તાત કાશી–નૃપ,
વામા માત સુખકાર....જીવનને.... ૨
પાર્શ્વમણિ સમ દર્શન અનુપમ,
ટાળે ઉરઅંધાર....જીવનને... ૩
મૂર્તિ શાંત સુધારસ પાયે,
અજિતપદ દેનાર ...જીવનને.... ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિ હેમેન્દ્ર રીઝે પ્રભુ ધ્યાને,
જિનવર ગુણભંડાર....જીવનને.... ૫

---

## શંખેશ્વર પાર્શ્વનાથ-સ્તવન.

( રાગઃ—પ્રેમી ઝુલાવે. )

શંખેશ્વર સ્વામી પ્રતિમાજી ન્યારી,
સૌ તાપથી એ સદા તારનારી....શંખેશ્વર.

હે પાર્શ્વ સ્વામી! મને ભવથી ઉગારો,
જેવો તેવો પ્રભુ હું દાસ તારો,
હું દાસ તારો, તેને ઉદ્ધારો .... શંખેશ્વર

મુક્તિના પંથે જ વાળો પ્રભુજી,
હેમેન્દ્રની આત્મકોકિલ કૂજી,
કોકિલકૂજી. શ્રી પાર્શ્વનાથ પ્રભુજી...શંખેશ્વર

---

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મોરબી મંડન ગોડી પાર્શ્વનાથસ્તવન.

( મીઠા લાગ્યા છે મને )

ગોડીજી પાર્શ્વ પ્રભુ ત્રિભુવનનાયક,
વીતરાગ ગુણભંડાર રે....પ્રતાપી મૂર્તિ તમારી.
કલ્પતરુ જેવી વાંચ્છિત દેનારી,
સફલ કરે અવતાર રે....પ્રતાપી. ૧
અશ્વસેન કેરા કુલચંદ્ર સ્વામી,
વામાનંદન સુખકાર રે....પ્રતાપી. ૨
અહિલાંચ્છને પ્રભુ શોભો અનુપમ,
પ્રભાવતી ભરથાર રે....પ્રતાપી. ૩
નીલ વર્ણધારી કાયા તમારી,
પૂજે સકલ સંસાર રે....પ્રતાપી. ૪
શોભા અતુલ શી ફણિધર છત્રે,
ભવ ભવના સાચા આધાર રે....પ્રતાપી. ૫
પાર્શ્વમણિ જેવી કૃપા તમારી,
લોહનું કંચન કરનાર રે....પ્રતાપી. ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મયૂરપુરના વાસી પ્રભુજી,
શાશ્વત સુખ દાતાર રે....પ્રતાપી. ૭
પદ્માવતી પાર્શ્વયક્ષે શોભંતા,
ભવ્યોને કરતા ભવપાર રે....પ્રતાપી. ૮
અજિત ચરણોને સદૈવ સેવી,
હેમેન્દ્ર માગે ઉદ્ધાર રે....પ્રતાપી. ૯

---

## મહાવીર–સ્તવન.

(આજ હિમાલયકી ચોટીસે... )

વીરપ્રભુનાં દર્શન પામી, ભવસાગરને પાર કરો
વીરભજો, વીરભજો, વીરભજો,
ઓ શાણા ભવ્યો, મુક્તિ કેરૂં ધામ વરો.
ધન જોબન ને માયા મમતા
શ્રેય પંથના કંટક સૌ,
વીર પ્રભુના પંથે વળવા
ત્યાગ ધર્મ ઉત્તમ માનો,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહનશીલતા સુંદર સાધન
વીર વીરનો જાપ કરો....(૨)
વીરભજો, વીરભજો, વીરભજો,
ઓ શાણા ભવ્યો! મુક્તિ કેરૂં ધામ વરો,
આ દુનિયાના રંગ નકામા
એમાં શું વિશ્વાસ ધરે?
કાળ તણો તુજ ગ્રાસ થશે ત્યાં,
પીડા તારી કોણ હરે?
વાચક હેમેન્દ્રે એ ભાવો અજિતવીરના
ચરણ ભજો.
વીરભજો, વીરભજો, વીરભજો,
ઓ ભવ્યો! શાણા, મુક્તિ કેરૂં ધામ વરો....(૩)

---

## મહાવીર–સ્તવન ગૌતમ વિલાપ.

( હમ જીકે કયા કરેંગે જબ. )

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખકારી વીર સ્વામી! મુજ આશ નિરાશ થઇ,
મુજ આશ નિરાશ થઇ....ટેક.
મિલનની અંત ઘડીએ કયમ રાખ્યો દૂર સ્વામી?
કયમ રાખ્યો દૂર સ્વામી?
નિર્વાણ પંથે ચાલ્યા, જિનવરજી પૂર્ણકામી,
ગૌતમની ઓથ ગઇ (૨) સુખકારી .... ૧
સાગરનાં નીર મધ્યે મુંઝાયે રંક પ્રાણી, (૨)
તે રીત ગૌતમ આજે ઉચ્ચારે દીન વાણી,
પ્રભુ તારો હાથ દઈ (૨) સુખકારી.... ૨
મમતાના બંધ કાપો, આપોને જ્ઞાન સ્વામી,
આપોને જ્ઞાન સ્વામી,
તુજ પથમાં નાથ! યોજી નાખોને કષ્ટ શામી,
તુજ પ્રતિમા ઉર રહી (૨) સુખકારી.... ૩
ગૌતમનાં મોહમમતા વૈરાગ્યે દૂર કીધાં,
શુભ દિવ્ય કેવળજ્ઞાને મધુ વીર અમૃત પીધાં,
હેમેન્દ્રે મુક્તિ ચહી (૨) સુખકારી.... ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મહાવીર–સ્તવન.

( અખિયાં મિલાકે... )

ભવિજન આવો ઉર હરખાવો,
મહાવીર ગાઓ, ઓ .... મહાવીર ગાઓ.

સંસાર તરવા માટે ભક્તિનું નાવ સારૂં,
જ્ઞાન, શીલ, તપ, ધરી હલેસાં,
વીર પ્રભુનાં ચરણો પામો .... ભવિજન. ૧

મહાવીર નામ લેતાં, સર્વ કષાય જાતા,
એ અજિત ચરણોને ભજતાં,
જન્મ મરણ બંધન સૌ ટળતાં....ભવિજન ૨

પદ્મ પ્રભુ જિનમંડળ વીરગાને હરખાયે,
વાચક હેમેન્દ્ર પ્રભુને અષ્ટપ્રહર રસનાથી ગાયે
ભવિજન.... ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મહાવીર–સ્તવન.

( ઓ દુનિયા બનાને વાલે... )

આ નાની શી નૈયા મારી,
પ્રભુ તારો મહાવીર સ્વામી,
ભવસાગરના મસ્ત તુફાને
ડગમગ ડોલે નૈયા,
ડગમગ ડોલે નૈયા આ નાનીશી નૈયા મારી.
પ્રભુ તારો....૧
કામ ક્રોધના મગરો નાચે,
તેને જોતાં મનડું ત્રાસે,
ઓ ભવતારક જગસ્વામી!
ઓ ભવતારક જગસ્વામી!
ભવસાગર પાર કરાવો આ નાનીશી નૈયા મારી,
પ્રભુ તારો મહાવીર સ્વામી.... ૨
સુશીલ ચંદનબાળા તારી,
વાચક હેમેન્દ્રને લ્યો તારી,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓ દિવ્ય અજિત સુખરાશિ,
ઓ દિવ્ય અજિત સુખરાશિ,
આ ભવભય નાખો ટાળી, આ નાની શી નૈયા મારી
પ્રભુ તારો મહાવીર સ્વામી.... ૩

---

## ગૌતમ-વિલાપ.

( દોહરા )

આજ્ઞા પ્રભુની માનીને ગૌતમ લેતા પંથ,
દેવશર્માને બોધવા હૃદયે વીર ભગવંત.... ૧

ઉપદેશી પાછા વળ્યા સુણ્યા દુ:ખમય શબ્દ,
'મહાવીર નિર્વાણે ગયા' ઉભા મુઢ શા સ્તબ્ધ... ૨

વાયુથી કદળી પડે હરાય ઉરનો સાર,
ગૌતમ એવું દુ:ખ ધરે નયને આંસુધાર.... ૩

ભદંત કોને હું કહું મહાવીર ગુણભંડાર?
હે ગૌતમ ! એ પ્રેમથી કોણ હવે કહેનાર... ૪

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરૂણાનિધિ આ શું કર્યું? દૂર કર્યો કયમ દેવ?
હર્ષે પ્રેમલ ભક્તિથી, કરીશ કોની સેવ?.... ૫
મયૂર ઘનની જે ગતિ જેવી ચંદ્ર ચકોર,
તુજસહુ પ્રભુ મહાવીરજી! એવી પ્રેમની દોર. ૬
મોહ મમત વિદારજો આપો જ્ઞાનપ્રકાશ,
શરણુ તમારૂં દિવ્ય છે, એક તમારી આશ.... ૭

---

( રાગઃ—જોગી... )

શાસનપતિ મહાવીર કૃપાનિધિ અંતરના આરામ
એકલો મુકી આ જગમાં કેમ ગયા મોક્ષ ધામ.
ટેક....
અંધકાર ચોપાસે લાગે, બુદ્ધિ કુંઠિત થાય,
ભારતભાનુ અસ્ત થતાં હવે અંતર હામ હરાય. ૧
કેવળમાં શું ભાગ પડાવત એ મનમાં શું વિચાર,
ત્રિભુવનપતિ બાલક સમ ગૌતમ ત્યાગે નિજ
આધાર....૨

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાળી શી રીત એક હાથથી પડશે જિન ભગવંત,
સહાય વિના શું બનશે મુજથી વિશ્વપતિ
ગુણવંત ?.... ૩
શ્રુત ઉપયોગે જાણ્યું પૂર્વે કીધો ન શ્રુત ઉપયોગ
એક પક્ષીય સ્નેહ દૂર હો આ રીત ભાવિ યોગ.. ૪
શુકલ ધ્યાનમાં આરુઢ ગૌમત કેવળ જ્ઞાને પ્રકાશે,
પ્રભુસ્થાને દેવેંદ્રો સ્થાપે, જન સુરગણ ઉલ્લાસે. ૫
ગૌતમ લબ્ધિના સાગરસમ પ્રાતઃસ્મરણીય દેવ,
રાચે ત્રિભુવન દિવ્યાનંદે યાચે સુરનર સેવ. ૬
અજિતધામના દાતાપ્રભુ મહાવીર સ્વામી ભજશે
વાચક હેમેન્દ્ર પ્રભુસ્મરણે જન્મ મરણ તે તજશે૭

---

## જિનવાણી.

( રાગઃ—દૂર્ગા. )

વાણી શી ગુણવાન પ્રભુની....વાણી.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંત્રીસ ગુણથી ગરવી લાગે,
ગાજે સાગર શું મહાન....પ્રભુ. ૧
માલકોશમાં આપે દેશના,
ભવિજન થાયે ગુલતાન....પ્રભુ. ૨
શોભે સમવસરણમાં જિનવર,
ગાંધર્વ ગાયે ગુણગાન....પ્રભુ. ૩
પશુગણ માને પશુની ભાષા,
જિનને આપે માન....પ્રભુ. ૪
પંખી સમજે એ વાણી પંખીની,
તલ્લીન થાતાં ભૂલી ભાન....પ્રભુ. ૫
જન્મ વૈરને હિંસક ત્યાગે,
પીયે બોધામૃતપાન....પ્રભુ. ૬
સુર નર રીઝે વાણી–પીયૂષે,
અંતરમાં ધારે પ્રભુ ધ્યાન....પ્રભુ. ૭
નવસ્વર્ણ કમલે વિચરે વિભૂજી,
ખીલે ઋતુઓ સમાન....પ્રભુ. ૮

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજિતપદની દાતા જિનવાણી.
હેમેન્દ્ર હૈયે એ ભગવાન....પ્રભુ. ૯

## શ્રીમંધર સ્વામી સ્તવન.

( રાગઃ—મારે તે ગામડે એકવાર આવજો. )

સ્વામી શ્રીમંધરજી! પ્રેમથી પધારજો,
ભારતભુમિને પ્રભુ આવી ઉધ્ધારજો,
મુંક્તિના મંત્ર નાથ! ભારતને આપજો...સ્વામી.

( સાખી )

જગબંધુ પરમેશ છો, પ્રિયતમ પ્રાણાધાર,
દર્શન આપી ભાવથી, સફલ કરો અવતાર,
દૂર દૂર નાથ! છતાં ચિત્ત ચરણે વસે,
ચિદ્‌ઘન સ્વરૂપ જોઇ, અંતર મારૂં હસે.
નાથ! તમે મારા, હું આપનો નિભાવજો,
નિર્મલ શુભ જ્ઞાન જ્યોત અંતર જગાવજો.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુક્તિના મંત્રનાથ! ભારતને આપજો...સ્વામી.
ચાહુ ના ઈન્દ્ર ચંદ્રપદને ત્રિલોકનાથ,
સ્થાપો અજિત દિવ્ય ધામે........હાં.
વાચક હેમેન્દ્ર પ્રભુ! ચરણે વસાવજો...સ્વામી.

---

## જિન–સ્તવન.

( રાગઃ—મેઘ મલ્હાર )

મન રીઝે....રે (૨) પ્રભુ દર્શન પામી,
અજબ ગતિ તારી....(૨) મન રીઝે.
ચમકે વિદ્યુતસમ મુખમુદ્રા........ મન રીઝે.
વાદલસમ દુઃખ દૂર હઠાવો,
ઉજ્જવલ ઉરમાં ભાવ વસાવો.
અંતર ચક્ષુ ઉઘાડો; પ્રભુ
ચરણમાં વસાવો રે.... મન રીઝે.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ભવમાં આધાર તમે છો,
સર્વ સુખનો સાર તમે છો.
પ્રભુ હેમેન્દ્ર સદા તુજ શરણે,
અજિત ધામ અપાવો રે .... મન રીઝે.

## જિન-સ્તવન.

( રાગઃ— દુર્ગા. )

ગાજે ઘંટાનાદ ઝણણણ, ગાજે ઘંટાનાદ. ટેક.
અંતર રગરગ ચેતન જાગ્યું જાગ્યો ચેતન સાદ
ઝણણણ....૧
જિનવર કેરી મૂર્તિ ભાળી ત્યાગ્યો તુચ્છ વિવાદ,
ઉરના પડદા સઘળા ઉઘડ્યા પૂજ્યા જિનના પાદ
ઝણણણ....૨
અશ્રુજલ મૌક્તિકથી વધાવી પામ્યો અજિતપ્રસાદ
વાચક હેમેન્દ્ર સેવામય અકળ ભક્તિનો સ્વાદ
ઝણણણ....૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જિનેન્દ્ર સ્તવન.

( રાગઃ—અય દિલ ખુશીસે હોજા )

જિનદેવ! ત્હારી શાથી લગની અખંડ લાગી ?
જડ વસ્તુ તુચ્છ લાગી ને આત્મધૂન જાગી
જિનદેવ!.... ૧
સંસારની ઉપાધિ જ્યારે અતીવ વાધી,
માયા મમત્વધારી તુજ ભક્તિને ન સાધી,
જિનદેવ!.... ૨
સૂઝે ન અન્ય કાંઇ તુજ રૂપ સર્વ ભાળું,
હેમેન્દ્રના હૃદયમાં, બંસી અજિત વાગી,
જિનદેવ!....૩

---

## મહાવીર સ્વામી ગુણગાન.

( ખમ્મા વીરાને જાવું વારણે રે લોલ )

મહિમા અપાર પ્રભુ આપનોરે લોલ,
ત્રિશલાનંદન જયવન્ત રે.... મહિમા. ટેક.

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવે સુરેન્દ્ર ભૂપ માનવો રે લોલ,
અલખ સ્વરૂપ ભગવંત રે.... મહિમા ૧
અંગુષ્ઠે મેરૂ ગિરિ કંપીઓ રે લોલ,
મહાવીર સ્વામી બળવંત રે.... મહિમા. ૨
સમતા માની ઈન્દ્ર કૌશિકે રે લોલ,
વિશ્વપ્રેમ બોધ્યો અનંત રે.... મહિમા. ૩
ઉપસર્ગ ઘોર સહ્યા શાંતિથી રે લોલ,
કેવળ પામ્યા ભાગ્યવન્ત રે.... મહિમા. ૪
મૈત્રી પ્રમોદ કરૂણ ભાવના રે લોલ,
માધ્યસ્થ ભાવી શ્રેષ્ઠ સંત રે.... મહિમા. ૫
નયનિક્ષેપ ષડ્ દ્રવ્યથી રે લોલ,
સમજાવ્યું તત્વ અરિહંત રે.... મહિમા. ૬
સ્યાદ્વાદે ધર્મમર્મ અર્પીઓ રે લોલ,
અવિકારી પ્રભુ અકલંક રે.... મહિમા. ૭
ચંદનબાળાના લીધા બાકળા રે લોલ,
કેવળ પામી ધર્મવન્ત રે.... મહિમા. ૮

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોધે તાર્યો ચંડ કોશિયો રે લોલ,
સ્વર્ગધામ પામ્યો સુખવન્ત રે....મહિમા. ૯
ત્રિભુવન આધાર મહાવીર પ્રભુ રે લોલ,
ઉદ્ધારે ભાવે મતિવન્ત રે.... મહિમા. ૧૦
ઋદ્ધિ, સિદ્ધિ, ચરણે વસી રે લોલ,
પ્રતિભા પ્રસારી પુણ્યવન્ત રે.... મહિમા. ૧૧
અજિત અક્ષય કીર્તિ ગાજતી રે લોલ,
સેવે હેમેન્દ્ર હર્ષવન્ત રે.... મહિમા. ૧૨

---

(હંસલો ચાલ્યો જવાનો એકલો)
જાગજે જાગજે જીવ તું આજથી રે,
દુર્લભ માનવ ભવ મતિમાન.... જાગજે. ૧
દર્શન ઉત્તમ જિનેશ્વર દેવનું રે,
તેનાં કરજે ભાવે ગાન .... .... જાગજે. ૨
હીરલો મોંઘો મળ્યો મહામહેનતે રે,
તેનું કરજે જતન ગુણવાન .... જાગજે. ૩

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાચા રંગો જગતના જાણજે રે,
ધરજે હૈયે પ્રભુનું ધ્યાન.... .... જાગજે. ૪
જુઠી માયા વિષે શું રાચવું રે,
એવું રાખજે સાચું ભાન.... .... જાગજે. ૫
દેવ ગુરુ ધર્મે સદા ચિત્ત ધારજે રે,
એ સૌ ઉદ્ધારનાં દિવ્ય યાન.... જાગજે. ૬
પ્રભુને ભજી અજિતપદ પામવું રે,
એવું હેમેન્દ્ર હૈયામાં તાન.... .... જાગજે. ૭

---

## અસાર સંસાર.

(મન મૂરખ ક્યું દિવાના હૈ)

સંસાર વિષે શું મુગ્ધ બને?
મૃગજળ મોહ ધરે શાને? સંસાર. ટેક.
સાગર જળમાં ઉઠે તરંગો પલપલમાં તે ભંગથતા
માયા મમતા પ્રગટે શમતાં .... સંસાર. ૧

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવ ભવ આ મળ્યો અમૂલો,
નિશદિન પ્રભુને ભજવાને,
અરિ તજવાને પ્રભુ વરવાને .... સંસાર. ૨
હે મન સજ સૌ સાજ નવાં,
દિવ્ય અજિતપદને વરવા,
હેમેન્દ્ર ધરે પ્રભુ ધ્યાન ઉરે .... સંસાર. ૩

---

## દેવગુરુ ધર્મ સ્તવન.

( રાગ.—તારા નયન દેખી. )

દેવગુરુને ધર્મને, જે ભવિજન સેવતાં,
મુક્તિના પંથે ઉધ્ધાર પામે....ટેક.
દેવપ્રભુ વીતરાગ જે, અવિનાશી અલખ સ્વરૂપના
તેના ચરણને સેવતાં રાશિટળે ભવિ દુઃખના,
મુક્તિના પંથે ઉદ્ધાર પામે....૧
ગુરુ શ્રેષ્ઠ ભવ તારક બને, મનના મનોરથ સૌફળે

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરુના ચરણુશ્રદ્ધા ધરોતો જાણો ભવિજન શું મળે?
મુકિતના પંથે ઉદ્ધાર પામે....૨
ધર્મમાં ભવ્યો સુશીલ રાચી અજિતપદને વરો
હેમેન્દ્રપથ એ ધર્મનો, પામી પછી ભવદુઃખ હરો
મુકિતના પંથે ઉદ્ધાર પામે....૩

## શ્રી નેમિનાથ સ્તવન.

(રાગઃ—તમે થોડાં થોડાં થાઓ વરણાગી.)

મને મીઠી મીઠી લગની લગાડી,
ઓ નેમિ પ્રભુ! મીઠી મીઠી લગની લગાડી,
રૂડી આત્માની વીણા વગાડી,
ઓ નેમિ પ્રભુ! મીઠી મીઠી લગની લગાડી,
કરૂણાળુ અંતરમાં પુષ્પ સમી કોમલતા,
યાદવકુલચંદ્ર પ્રભુ ઉરમાં શી પ્રેમલતા?
મારા અંતરમાં દિવ્યતા દેખાડી....
ઓ નેમિપ્રભુ? મીઠી મીઠી લગની લગાડી;

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચરણે વસાવજો શિવપદને આપજો,
સુહે સુંદર વૈરાગ્ય-જ્ઞાન-વાડી,
એ નેમિપ્રભુ? મીઠી મીઠી લગની લગાડી.
આનંદકારી મુખે દિવ્ય પ્રભા શોભતી,
દર્શન સુખકાર ઉરે શીતલતા વ્યાપતી,
મુને દેવેન્દ્ર પ્રભુતા જગાડી....
એ નેમિપ્રભુ? મીઠી મીઠી લગની લગાડી.

---

## શ્રી મંત્રાધિરાજ અષ્ટક.

(વસંતતિલકા)

જેનો મહાન મહિમા સઘળે ગવાય,
પુણ્યોદયે જન ભજે સહુ કષ્ટ જાય,
શ્રી કલ્પવૃક્ષ સમ વાંચ્છિત પૂર્ણ કામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ........ ૧
શ્રી શ્વેતવર્ણ અરિહંત, સુરક્ત સિદ્ધ,
આચાર્ય પીત શુભ, વાચક નીલ બુદ્ધ,

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્યામાંગ દિવ્ય મુનિજી અતિ પૂણ્યનામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ........ ૨
સમ્યકત્વ ભાવમય દર્શન જ્ઞાન આપે,
ચારિત્ર જ્ઞાન બળથી, ભવિ દુઃખ કાપે,
ચારિત્રથી તપ મળે શુભ મુક્તિ ધામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ........ ૩
ચક્રેશ્વરી વિમલદેવ કરે સહાય,
પુણ્યે કૃપામય સુદષ્ટિ કદી પમાય,
સર્વોચ્ચ પંચપરમેષ્ઠિ તણું જ કામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ........ ૪
સંગ્રામ, સાગર, જલે, વિપિને, મુઝાય,
આપત્તિ સિંહ, અહિ, વ્યાઘ્ર તણી જણાય,
ત્યાં દિવ્યમંત્ર નવકાર અખૂટ હામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ........ ૫

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



દારિદ્ર, રોગ જનનાં સહુ કષ્ટ ટાળે,
સંપત્તિ, પુત્ર, વનિતા, સુખ માર્ગ વાળે,
એવો મહાન નવકાર સુહર્ષ ધામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ........ ૬
શ્રીપાલ રાણીમદના ધરણેન્દ્ર આદિ,
પલ્લીપતિ, અમર, કંબલ, શંબલાદિ,
પામ્યા બધા રટણથી શુચિ દિવ્ય ઠામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ........ ૭
એવો મહાન શુચિમંત્ર, મનુષ્ય પામે,
સંસારના ત્રિવિધ તાપ બધા વિરામે,
દેવેન્દ્ર કિન્નર રટે મુખ અષ્ટ યામ,
મંત્રાધિરાજ પરમેષ્ઠિ પદે પ્રણામ........ ૮

शिवमस्तु सर्वं जगतः

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અપૂર્વ સાહિત્ય

**તરંગવતી:—** **અજિતસાગરસૂરિ.**

( પાદલિપ્તાચાર્યની કથા પરથી સંક્ષિપ્ત સંસ્કૃત કથા અત્યાર સુધી બહાર ન પડી હોય તેવી અપૂર્વ પદ્યમય કથા જેની કીર્તિ જર્મની સુધી ગવાઇ છે. ) ( પ્રેસમાં )

**નૂતન સ્તવન સંગ્રહ:—** રચયિતા ઉપાધ્યાય શ્રીમદ્ **હેમેન્દ્રસાગરજી** સુંદર સ્તવનોનો અજોડગ્રંથ ( જુજ નકલો છે )

**અજિત સ્તવનમાળા:—** લક્ષ્મીસાગરજી. ( જુજ નકલો છે )

પ્રાપ્તિસ્થાન,

**બુદ્ધિસાગર સૂરિ** જૈન
જ્ઞાનમંદિર, **વિજાપુર.** ( ઉ. ગુ. )

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિની સજ્ઝાય.

## ( રાગ–માલકોષ જપતાલ. )

નમન રાજર્ષિના પુનિત ચરણે કરૂં,
પ્રસન્નચંદ્રે વસ્યા દિવ્ય ગુણું તે સમરૂં... ... ટેક

રાજ્ય ઋદ્ધિ તજી દિવ્ય સંયમ ગ્રહે,
શ્રેષ્ઠ ...ાગ્યનો મર્મ સાચો લહે... ... ૧

પગ ...ગ ધરી કાઉ સગ્ગે રહ્યા,
રવિ ...દૃષ્ટિ ધરતા સ્મશાને રહ્યા... ... ૨

વચન દુર્મુખનાં સાંભળી દુઃખ ધરે,
મનવિષે ઘોર સંગ્રામને આદરે... ... ૩

વીરને રાય શ્રેણિક પૂછે, "ક્યાં જશે,
આ સમેય મૃત્યુ પામી મુનિ? ક્યાં વસે" ... ૪

...ર મુખથી વદે, "મૃત્યુ મુનિ જો વરે,
સાતમા નર્કમાં આખરે જઇ ઠરે"... ... ૫

તતક્ષણે આત્મ સ્વરૂપે મુનિજી વળ્યા,
કોટિ કોટિ કષાયો મુનિના ટળ્યા... ... ૬

www.kobatirth.org For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાય ફરીથી પૂછે ક્યાં મુનિજી જશે ?
દિવ્ય સર્વાર્થ સિદ્ધિ વિમાને વસે... ... ૭

દેવ દુંદુભિઓ આભ ગાજી રહ્યાં,
દિવ્ય કેવળ વરી મુક્તિ પદને વર્યાં... ... ૮

અજિતપદ પામવા આત્મસ્વરૂપે રમો,
સરલ હેમેન્દ્ર વાચક વદે મન દમો... ... ૯

આ પુસ્તિકા ૐકાર પ્રિન્ટીંગ પ્રેસમાં મોદી વિઠલ-
દાસ પ્રભુદાસે છાપી–ઠે૦ કાજીવાડાના નાકે,
વિસનગર. (ઉ. ગુ.)

www.kobatirth.org For Private And Personal Use Only